બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

શિક્ષણ સેવા સંરક્ષણ

ફેબ્રુઆરી-૨૫
વર્ષ : જાન્યુઆરીથી
વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



શું કરવાને પીડાવાનું?
શું કરવો ગમ ભલા માણસ,
સતત અંધારપટ પણ ક્યાં
રહે કાયમ ભલા માણસ.
હવે નાહક જુએ છે,
અધખૂલેલી બારીઓ પાછળ,
તને તાકી રહ્યું એ છે
ભ્રમ ભલા માણસ.
દીવાલો સાવ પોલી છે,
કદી પડઘો નહીં પાડે,
કરી દે બંધ તારા સ્નેહની
સરગમ ભલા માણસ.
ઘણી છે વાટ નાની ને
દીવે દિવેલ પણ ઓછું,
ને તારા ભાગ્યમાં છે
મેઘની મોસમ ભલા માણસ.
તું પ્રગટાવીને પોતાને
ઉજાળી દે દિશા સઘળી,
તને વધતી જતી વેદનાના
સમ ભલા માણસ.
– પ્રણવ પંડ્યા

## નાગર પરિચય

સુંદરી,કેશ–કલ્પી,કામણગારી,ચાંદ–ચકોરી
વિશેષણોથી નવાજાઈ ગૃહિણી નાગરાણી,
કવિએ દર્શાવી ઉત્તમ વિચાર–સારણી
ઈતિહાસને પાને ચમકી 'તાના–રીરી'
દિપક તથા મલ્હારના પારખાં કોણે જાણ્યાં?
યાદ કરો 'તાના–રીરી'ની સંગીત સાધના.
દિપ અગ્નિ તાનસેનનો,તાના–રીરીએ ઠાર્યો
છેડી મલ્હાર રાગને,ઈશ્વરને સાક્ષાત કર્યો,
શું આ નથી નાગરાણીની સર્વમાન્ય સિદ્ધિ.
પાંચ 'પ' ને કેમ ભૂલાય,જે છે ઓળખ આપણી,
પાન,પૂજા,પાટીયું,પહેરી અંગે પંચીયું,
જો ન કરે પારકી પંચાત,તો નાગર કેમ કહેવાય?
શૂરવિરતા,સાક્ષરતા,નિપુણતા કેમ કરી ભૂલાય.
યાદ કરો કવિ નર્મદ,નરસિંહ,ત્રિપાઠી અને શેષને
સેવા કરી ગુજરાતની,આપી નાગર પહેચાન,
નોંધાયું ઈતિહાસમાં,જનમ્યા અમરજી દિવાન,
રાજનીતિ,બાહોશીથી મેળવી સિદ્ધિ અપાર,
થઈ માર્ગદર્શક રજવાડાનો ને લીધી ચિર:વિદાય.
કલમ,કડછી,બરછી નાગરની પહેચાન
જો હોય તેમાં કમી, તો નાગર ન કહેવાય.
આ છે આપણી સંસ્કૃતિ,જાણે નાગરી નાત,
ભેદભાવ,દ્વેષભાવ ભૂલી,મિલાવીએ કદમ સાથ.
જનતા સેવક 'જનાર્દન'નો આ છે અંતિમ સાદ,
સાથે મળી ગુંજવીએ–'જય હાટકેશ'નો નાદ.
– જનાર્દન બુચ,વડોદરા.

## હાસ્યનો જાદુ...

હાસ્યને જાણો,હાસ્યને માણો
હાસ્ય તો છે એક કિંમતી
ખજાનો...હાસ્યને
ચાહે કોઈ ચોરે,ચાહે કોઈ લૂંટે
તોયે ન ખૂટે એવો ખજાનો...હાસ્યને
હાસ્ય છે પૂજા,હાસ્ય છે ઊર્જા
હાસ્યથી શક્તિ આણો
હાસ્ય તો છે આરોગ્યનો માળો
તંદુરસ્તીનો મળે તાળો
હાસ્યથી જિંદગી લાંબી તાણો...હાસ્યને
હાસ્ય છે દવા,હાસ્ય છે દુઆ
હાસ્યથી રોગ ભગાડો
હાસ્ય છે શક્તિનો ફુવારો
હાસ્ય છે સુખનો સથવારો
હાસ્યથી સઘળાં દુ:ખને ટાળો...હાસ્યને
હાસ્ય સુલભ છે હાસ્ય મફત છે
હાસ્યથી જિંદગી સજાવો
હાસ્ય રેલાવો,હાસ્ય ફેલાવો
હાસ્યથી દુનિયા ગજાવો
હાસ્યથી સંબંધો 'મધુર' બનાવો
હાસ્યને જાણો,હાસ્યને માણો
હાસ્ય તો છે એક કિંમતી ખજાનો...
–મધુરિકા વસાવડા (૮૪ વર્ષ)
અમદાવાદ.

# સમાચાર સંચય :

અમદાવાદ : શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના ઉપક્રમે તારીખ ૨ ફેબ્રુઆરી ના રોજ 'રન ફોર ફન' નું આયોજન થઈ ગયું. આ દરમિયાન રક્તદાનના માનવતાલક્ષી પ્રેરક કાર્ય બદલ સર્વશ્રી કલ્પેશ માકડ (૧૬૦) ઉદયન ઢેબર (૧૨૫) ફેનિલ ઘોડા (૧૦૧) જનકભાઈ પંડ્યા (૧૦૧) કશ્યપ ઝાલા (૧૦૦) ભાવેશ ત્રિવેદી (૯૩) પુલકિત ઓઝા (૮૯) દુર્ગેશ વૈષ્ણવ (૮૬) ચેતન્ય કીકાણી (૭૭) ને સન્માન પત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતુ. (કૌંસ માં રક્તદાનના આંકડા દર્શાવ્યા છે.)

અમદાવાદના જે. જે. ગ્રુપના ૨૫ જેટલા જ્ઞાતિબંધુઓ તારીખ ૨૯/૧૨ ના રોજ વડોદરા ઓટલાની મુલાકાતે જઈ આવ્યા. જેમાં શ્રી નીલકંઠભાઈ ધોળકિયા ડો. હિમાંશુભાઈ મજમુદાર ( અમેરિકા) તથા શ્રી જગદીપ નાણાવટીનો પણ સમાવેશ હતો. વડોદરા ઓટલા ગ્રુપ વતી શ્રી હિમાંશુભાઈ કચ્છીએ પુષ્પગુચ્છ થી સૌનું સ્વાગત કર્યા બાદ સ્વાગત પ્રવચન, પરસ્પર બંને શહેરના બંધુઓની ઓળખાણ પરિચય બાદ સમૂહમાં ભોજનનો આસ્વાદ લઈ સાંજે સૌ પરત કર્યા હતા. જે જે ગ્રુપ તરફથી શ્રી બીપિનભાઈ બુચ, શ્રી ધીરેન છાયા, શ્રી દિવ્યેશ અવશીયા તથા શ્રી હેમાંગ નાણાવટીએ આયોજનની જવાબદારી સંભાળી હતી.

મેઘાંશ પ્રતીત વૈષ્ણવ (ધો. ૨) એ અંગ્રેજી અને ગણિતની 'ઓલમ્પિયાડ' પરીક્ષામાં બે ગોલ્ડ મેડલ મેળવ્યા.

બોપલ નાગર મિત્રમંડળ દ્વારા ૨૬/૨ ના રોજ શિવરાત્રિ નિમિત્તે શિવસ્તુતિ અને વડીલ વંદના કાર્યક્રમ યોજાઈ ગયો. મહિમ્ન સ્તોત્ર, હાટકેશ્વરમ વગેરે સ્તુતિઓ બાદ ૭૫ વર્ષ વટાવી ચૂકેલા વડીલોનું સન્માન, ભેટ અને પ્રેરણાત્મક પુસ્તક આપી કરવામાં આવ્યું હતું. સ્વાદિષ્ટ ફરાળી નાસ્તાને ન્યાય આપી સહુ છૂટાં પડ્યાં. કાર્યક્રમ સફળ બનાવવામાં પ્રમુખ શેફાલી છાયા, મંત્રી માધવી દિવાન, ખજાનચી કુમુદ અંજારીયાનું મહત્વનું યોગદાન હતું.

ગુડગાંવ : ચિ. દીર્ઘ હર્ષભાઈ અંજારિયા (ધોરણ-૨)(અમદાવાદ નિવાસી સુનીલ અંજારીયા અને કુમુદબેનના પૌત્ર) એ સાયબર ઓલિમ્પિયાડમાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો. એ ઉપરાંત યુનિફાઇડ સાયબર ઓલિમ્પિયાડમાં તેમણે રાષ્ટ્રીય કક્ષાએ ૪૧મો ક્રમાંક મેળવ્યો છે.

રાજકોટ : ડૉ. સ્પૃહા વર્ષિત હાથી (ઉમા - કશ્યપ ધોળકીયાનાં પુત્રી) AIIMS-રાજકોટ ખાતે Blood Transfusion Assistant Professor તેમજ Blood Bank In charge તરીકે નિમણૂંક પામ્યાં.

રાજકોટ : અત્રેના શ્યામસુંદર મિતભાઈ માંકડ (સ્વ. અનિલભાઈ દિનકરરાય માંકડ (જોડિયા વાળા) તથા શ્રીમતી કિશોરીબેનના પૌત્ર)ને ધોરણ ૧૨ માં ઉચ્ચ ગુણાંક મેળવવા બદલ મુંબઈના શ્રી વડનગર મંડળ તરફથી સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો. અભિનંદન.

રાજકોટની સાત (?) જ્ઞાતિ સંસ્થાઓના હોદ્દેદારો- જ્ઞાતિજનોએ સાથે મળીને રાજકોટ ડિસ્ટ્રીક્ટ કલેક્ટરશ્રીને રાજકોટના નવનિર્મિત એરપોર્ટને 'નરસિંહ મહેતા હવાઈમથક' નામ આપવા રજૂઆત કરતું આવેદનપત્ર આપ્યું. (શું આ નામ મંજુર થશે..? શક્ય છે? શા માટે 'હા' અને શા માટે 'નહીં' ? આ અંગેના જ્ઞાતિજનોના તટસ્થ મંતવ્ય બરછીમાં લખી મોકલવા ઇજન છે... તંત્રી)

## જિંદગી..

આપણે સર્વે આપણા જન્મોજન્મનાં અને આ જન્મના કર્મફળ મુજબ અલગ અલગ જિંદગી જીવતા હોઈએ છીએ. ભલે બધા માટે સમયની ગતિ એકસરખી હોય.કર્મનાં ફળ બે પ્રકારના હોય છે.એક દુન્યવી અને બીજું ઈશ્વરીય.આમ એક કર્મના ફળ બે પ્રકારે ભોગવવાના હોય છે.

સમયના રંગમંચ ઉપર આ સંદર્ભે સર્વેની જિંદગી ગુજરે છે,ત્યારે આપણે એક અદના આદમી થઈને ઉભા રહેવું જરૂરી છે.જેથી શાંતિ,સમજદારી,પ્રગતિ અને આનંદ પ્રાપ્ત થતા રહે.હકીકતે નરસિંહ મહેતા કહે છે તેમ આપણે કંઈ કરતા નથી..'હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા,સકટનો ભાર જેમ શ્વાન તાણે.'બસ, ઈશ્વર આપણા કર્મફળોનો ન્યાયાધીશ છે અને તે મુજબ આપણને જીવાડે છે.બસ,બાજી ગોઠવીશું આપણે પણ રમશે ઉપરવાળો.

જિંદગી તો રંગબેરંગી છે,તેમાં 'કાળો' રંગ પણ હોય છે,તો પ્રભુને હૃદયે રાખી,શ્રદ્ધા રાખીને નિષ્કામ ભક્તિ રાખીને જિંદગી ગુજારવાથી સરળતા–સમતા અને ફાયદા થશે.આથી અમો કહીશું કે, 'રંગબેરંગી જિંદગીમાં રંગ શ્યામ પણ હશે,રંગ શ્યામ બને 'શ્વેત' તો હૃદયે 'શ્યામ' પણ હશે!..

બાકી સાક્ષીભાવે સઘળામાં અલિપ્તતા કેળવીને આસક્તિ વિના શક્તિ ભરીને સેવાભાવી,નિર્મળ સગુણો સહ જિંદગી ગુજારવી જરૂરી.જિંદગીમાં સુખ–દુ:ખ તો હશે જ પરંતુ 'સમતોલ' રહેવું જરૂરી છે. સફળતા અને સુખમાં છકી ન જવું,નિષ્ફળતા અને પરાજયમાં ડૂકી/તૂટી ન જવું.

ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે અને 'સર્વે સુખીનામ ભવતુની ભાવનાઓ રહે.'

–જસ્મીન દેસાઈ 'દર્પણ' રાજકોટ.

---

ડૉ. રાજેન્દ્રભાઈ શુભકામનાઓ : બરછીના વાચકો અને જોકે હવે તો સોશિયલ મીડિયાના ચાહકો પણ વડોદરાના ડૉ. રાજેન્દ્રભાઈ હાથીના નામથી અજાણ નહીં હોય. બરછીના નિયમિત લેખક, શુભેચ્છક રાજેન્દ્રભાઈએ ૧૯ ફેબ્રુઆરીના રોજ ૭૭મા વર્ષમાં પ્રવેશ કર્યો. આયુર્વેદિક નિદાન ઉપચારોથી સમાજને તંદુરસ્ત રાખવામાં મોટું પ્રદાન આ નિષ્કામ કર્મ, ઉપરાંત આયુર્વેદ, હાસ્ય લેખ, કવિતા લેખન સાથે તેના કાર્યક્રમો આપવા જેવી પ્રવૃત્તિઓ, અનેક સેવા પ્રવૃત્તિઓ, વાંચન મનન ચિંતન દ્વારા વિણેલા મોતીનો લાભ અનેક સામયિકો, વૉટ્સએપ દ્વારા સમાજને આપવો,ગીત ગાયન, વાંસળી વાદન, જોડકણા, પઝલ જેવી મનગમતી, મનને હળવાશ આપતી સર્જનાત્મક પ્રવૃતિઓ રાજેન્દ્રભાઈના સ્વસ્થ જીવનનું રહસ્ય, આજે આપણે સૌએ અપનાવવા જેવું જણાય છે. રાજેન્દ્રભાઈના જ શબ્દોમાં તેમના જીવન પ્રત્યેનો સકારાત્મક અભિગમ જાણી ને શતં જીવ: શરદની શુભકામનાઓ પાઠવીએ.

(૧) ૭૬ વર્ષો પૂરા કરી ૭૭ વર્ષનો થઈ ગયો(૨) પાંચ સ્ટેન્ટ મૂક્યા છત્તાં ય થઈ ગયો છે ભયો ભયો...
(૩) ડાયાબિટીસ હોવા છતાંય હજી સુધી નથી મર્યો (૪) હાઈ બીપી હોવા છતાંય એક્ટિવા ઉપર ટેસથી ફર્યો
(૫) ચશ્મા વગર વાંચી શકું મોતિયો તો વયો ગયો (૬) લાકડી વગર ચાલી શકું, મા જગદંબાનો જયો જયો...
(૭) કાન મારા એવા સરવા કે પાડોશી દંપતીનો ઝઘડો સાંભળ્યો (૮) આયુર્વેદનો પાક્કો અનુરાગી, તેના યમ નિયમોને વળગી રહ્યો
(૯) ૧૦૦ વર્ષો પૂરાં કરવા આગળ તો વધી રહ્યો (૧૦) ઈશ્વરની કૃપા ને મિત્રો, સંબંધીઓની શુભકામનાઓનો પડછાયો સાથે જ રહ્યો.

- ડૉ. રાજેન્દ્ર કે. હાથી (કવિ રાજન) વડોદરા.

આપણા સંસ્કાર નેતાઓ : (કકબ ઓકટોબર-૧૯૫૫માંથી પુનઃ પ્રકાશન)

## પ્રબોધમૂર્તિ ગોવર્ધનરામ ત્રિપાઠી –પ્રા.ઈશ્વરપ્રસાદ જોષીપુરા

'સરસ્વતીચંદ્ર'ના લેખક સ્વ.ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીના નામથી ગુજરાતના શિક્ષિત વર્ગમાંથી આજે ભાગ્યેજ કોઈ અજ્ઞાત હશે. ચાલુ વર્ષના ઓકટોબરની ૧૦ તારીખે અથવા વિજયાદશમીને દિને જન્મને સો વર્ષ પૂરાં થાય છે.'ગોવર્ધનરામ જન્મ શતાબ્દિ'એ ગુજરાતને માટે ૧૯૩૩માં સુરતમાં ઉજવાયેલ નર્મદ જન્મ શતાબ્દી જેવો જ મહત્વનો પ્રસંગ ગણાય.ચાલુ માસમાં છેલ્લા અઠવાડિયાના ગોવર્ધનનગરી- નડીયાદમાં આપણા એ પંડિત-શિરોમણિ સાક્ષરવર્ય,પ્રબોધમૂર્તિ,સંગમયુગના દ્રષ્ટા એમ જુદી જુદી રીતે સંબોધાતા અગ્રિમ સાહિત્યકારની જન્મ શતાબ્દી,ગુજરાત પોતાની સંસ્કાર સંપન્નતા અને સાહિત્યપ્રેમને અનુરૂપ દબદબાથી ઉજવનાર છે.સાથે સાથે ગુજરાતી સાહિત્ય પરિષદનું પહેલું અધિવેશન અમદાવાદમાં ભરાયું,ત્યારે પ્રમુખ તરીકે સ્વ.સાક્ષરશ્રી ગોવર્ધનરામ હતા.આમ સાહિત્ય પરિષદની સુવર્ણજયંતી અને એના આદ્ય પ્રમુખની જન્મશતાબ્દી એ બંને પ્રસંગો યોગાનુયોગે સાક્ષરનગરી નડિયાદમાં એક સાથેજ ઉજવાશે. અને એ સમયે વીતેલી અર્ધી સદીના આપણા સંસ્કારજીવનનું પૃથ્થકરણ પણ થશે.ગોવર્ધનરામનું સાહિત્યસર્જન બીજા ઘણા સાહિત્યકારોની તુલનામાં જથ્થાદ્રષ્ટિએ વિપુલ કદાચ નહી લાગે પરંતુ માત્ર એક 'સરસ્વતીચંદ્ર' નવલકથાએ જ ગુજરાતી વાચકવર્ગને છેલ્લી લગભગ પોણી સદી દરમિયાન જે રીતે મંત્રમુગ્ધ કરેલ છે તેમ જ એમાં સમકાલિન પ્રજાજીવનની અશુધ્ધિઓ અને ત્રુટિઓના નિર્દેશ સાથે ભાવિના ઉચ્ચાગ્રહનું જે મંગલ અને ભવ્ય દર્શન થાય છે એ માત્ર ગુજરાતી સાહિત્ય માટે જ નહી પરંતુ સમસ્ત ભારતીય સાહિત્ય માટે એક સ્મરણીય સીમાચિન્હરૂપ છે.આપણા એ વિરલ સંસ્કારનેતાની પુણ્યસ્મૃતિ નિમિત્તે એમના જીવન અને સાહિત્યની રૂપરેખા આજે જોઈએ.

ગોવર્ધનરામનો જન્મ સને ૧૮૫૫ના ઓકટોબરની ૧૦મી તારીખે નડિયાદ મુકામે વડનગરા નાગરબ્રાહ્મણ જ્ઞાતિમાં થયેલો.એમના પિતા માધવરામ મુંબઈમાં એક વેપારી પેઢીના માલિક હતા. ગોવર્ધનરામે પ્રાથમિક શિક્ષણ નડિયાદમાં અને માધ્યમિક શિક્ષણ મુંબઈની એલ્ફીસ્ટન્ટ હાઈસ્કૂલમાં લીધેલું. સોળ વર્ષની ઉંમરે મેટ્રીકમાં પાસ થઈ એલ્ફીસ્ટન્ટ કોલેજમાં દાખલ થયા અને વીશ વર્ષની ઉંમરે બી.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી. ગણિત અને તત્વજ્ઞાન એ બે ગોવર્ધનરામના અત્યંત પ્રિય વિષયો હતા. એમના જેવા સૂક્ષ્મ મેધાવીને આ બે વિષયોમાં વધુ રસ હોય તે દેખીતું જ છે.બી.એ.થયા પછી આગળ વકીલાતનું ભણવાનો એમનો વિચાર હતો પરંતુ કૌટુમ્બિક મુશ્કેલીઓને લીધે એમ ન થઈ શક્યું.પહેલા એલએલ.બી. પસાર કર્યા પછી ભાવનગર રાજ્યમાં દીવાન શ્રી શામળદાસના ખાનગી મંત્રી તરીકે નોકરી લીધી.ભાવનગરમાં ગોવર્ધનરામ ચાર વર્ષ રહયા.દેશી રાજ્યના વહીવટની આંટીઘુંટીઓનો ત્યાં એમને વિશાળ અનુભવ મળ્યો.એ સરસ્વતીચંદ્રના પહેલા ભાગમાં સુવર્ણપુરનો કારભાર નિરૂપવામાં

એમને ઠીક ઠીક ઉપયોગી નિવડયો.બીજી એલએલ.બી.માં પસાર થયા પછી ગોવર્ધનરામે નોકરી છોડી મુંબઈમાં વકીલાત  શરૂ કરી.દસ–બાર વર્ષમાં તો એમની વકીલાત ઠીક ઠીક જામી ગઈ.બેતાલીસ વર્ષની ઉંમરે એમણે વકીલાતના ધંધામાં અઢળક ઢોળાતી લક્ષ્મી સામે બારણું બંધ કરી દીધું અને કેવળ સરસ્વતીને ખોળે જ જીવન સમર્પવાનો નિર્ણય કર્યો. સાચા સાક્ષર માટે લક્ષ્મી માત્ર 'અન્નપૂર્ણા' જ હોવી જોઈએ અને એના મુખ્ય આરાધ્યદેવતા તો સરસ્વતી જ હોવી જોઈએ, એ ગોવર્ધનરામની એક વિશિષ્ટ માન્યતા હતી.પોતાપુરતો એ સારસ્વત ધર્મ એમણે પાળી બતાવ્યો. મુંબઈની ધીકતી વકીલાત છોડી ગોવર્ધનરામ બેતાળીસ વર્ષની ઉંમરે નડિયાદ આવ્યા અને સાહિત્યપ્રિત્યાર્થે શેષજીવન ત્યાંજ વ્યતિત કર્યું.૧૯૦૭ના જાન્યુઆરીની ચોથી તારીખે માત્ર બાવન વર્ષની ઉંમરે એમનું અવસાન થયું.

ગોવર્ધનરામની સૌથી સમર્થ અને ચિરંજીવી કૃતિ છે સરસ્વતીચંદ્ર.ચાર ભાગમાં અને અઢારસો પાનામાં વિસ્તરતી આ મહાનવલમાં આપણા સંક્રાન્તિકાળના આપણા પ્રાણપ્રશ્નોની જેટલી વિસ્તૃત છણાવટ થઈ છે એવી ગુજરાતી સાહિત્યની બીજી કોઈપણ કૃતિમાં થયેલ નથી.અર્વાચીન સંપર્કથી આપણે અર્વાચીન પૂર્વ,અર્વાચીન પશ્ચિમ અને પ્રાચીન પૂર્વ–એવી ત્રિવિધ સંસ્કૃતિઓનો જે સંઘર્ષ જામ્યો અને એથી આપણા સામાજિક તથા રાજકીય જીવનમાં જે ઝડપી ફેરફારો થવા લાગ્યા એનું કલ્પનાલલિત ચિત્ર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં આપેલ છે. સાચું જ કહેવાયું છે કે 'સરસ્વતીચંદ્ર' પ્રેમકથા નિમિત્તે સાંસ્કૃતિકકથા બની છે. પ્રેમકથા તો એ સરસ્વતીચંદ્ર અને કુમુદસુન્દરીની છે,પરંતુ સંસ્કૃતિકથા એ યુગના સારાયે શિષ્ટ ગુજરાતની છે.'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ ૧૮૮૭માં બહાર પડયો.એમાં પ્રગટેલી વાર્તારસની મોહિનીથી સારૂ યે ગુજરાત મંત્રમુગ્ધ બન્યું.બીજા ભાગમાંની ગુણસન્દરીની કુટુંબ જાળની રસભરી કથાએ તો ગુજરાતમાં શિક્ષિત–અશિક્ષિત નરનારીઓને,આબાલવૃધ્ધ સૌને ઘેલાં કરી મૂક્યાં.ચૌટે અને ચકલે ગુણસુન્દરીની જ વાતો થવા લાગી.પરંતુ ત્રીજા ભાગની વાર્તાદેહે થોડી તાત્વિક પ્રશ્નોની રજૂઆત ગોવર્ધનરામે શરૂ કરી.અને ચોથા ભાગમાં તો વાર્તા લગભગ વીસરાઈ ગઈ.સરસ્વતીચંદ્રના ચોથા ભાગમાં ગોવર્ધનરામે પ્રાચીન તેમજ અર્વાચીન ભારતીય જીવનની અનેકવિધ સમસ્યાઓની જે માર્મિક પર્યેષણા કરી છે એ એમને અર્વાચીન ભારતના એક સમર્થ ચિન્તનવીર અને તત્વદ્રષ્ટા તરીકે સ્થાપે છે.ગુજરાતમાં આજે 'સરસ્વતીચંદ્ર' ના સાચા અભ્યાસીઓ તો ગણ્યા ગાંઠયા જ છે. વિદ્યાપીઠના અધ્યયન–અધ્યાપન દરમિયાન બહુ ભાગે પહેલા બીજા ભાગની કુણી કુણી વાર્તાનું જ ચાર્વતચર્વણ થાય છે.જ્યારે ગોવર્ધનરામનું સાચું સામર્થ્ય,એનું અપ્રતિમ સર્જકબળ,એનું ક્રાન્તિદર્શિત્વ તો ત્રીજા અને ચોથા ભાગના પાનાની જે સંખ્યા છે એટલી સંખ્યામાં પણ એના આ મૂલાગ્ર અભ્યાસીઓ છેલ્લી અરધી સદી દરમિયાન પાક્યા નથી !!! પંડિતયુગ જેવું સર્જન તો શું,એ યુગના સાહિત્યનું આસ્વાદન પણ આપણા હાલના જમાનાને લગભગ દુરારાધ્ય બની ગયું છે! (અનુસંધાન સામેના પાને નીચે..)

જ્ઞાતિ ગૌરવ :

## નિરવ વૈદ્ય ને 'બેસ્ટ પરફોર્મર'એવોર્ડ એનાયત થયો

મૂળ પોરબંદર, હાલ ગાંધીનગર સ્થિત શ્રી મુકેશ જયકાંત વૈદ્ય અને શ્રીમતિ વિશાખાબેન મુકેશ વૈદ્યના પુત્ર નિરવ વૈદ્યને મુંબઈ ખાતે "એલ એલ ડી સી નાટ્યસ્પર્ધા- ૨૦૨૫" દ્વારા આયોજીત 'આણલ દે' નાટકમાં ભજવેલ શ્રેષ્ઠ પાત્ર બદલ તારીખ ૨૩/૨/૨૦૨૫ ને રવિવાર ના રોજ મુંબઈ ખાતે યોજાયેલ સમગ્ર ગુજરાત-મહારાષ્ટ્ર ની દ્વિઅન્કિ ગુજરાતી નાટ્ય સ્પર્ધાના એવોર્ડ વિતરણ કાર્યક્રમ માં "બેસ્ટ પરફોર્મર મેલ કેરેક્ટર એક્ટર" ના એવોર્ડ અને આઉટ સ્ટેન્ડિગ પરફોર્મન્સના સન્માનથી નવાજવામાં આવ્યા.
અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે 'ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન ટીવી એન્ડ ડ્રામા' દ્વારા શ્રી નીરવ વૈદ્યએ "હું ઈકબાલ" ફિલ્મના 'શ્રેષ્ઠ નવોદિત અભિનેતા' તરીકેનો એવોર્ડ મેળવ્યો હતો.

આવા પ્રતિભાવંત યુવા કલાકાર ભાઈશ્રી નિરવ વૈદ્યને અભિનંદન સહ, કલા પ્રતિભા નીખરતી રહે તેવી શુભકામનાઓ.



મુંબઈમાં L&T માં કાર્યરત ઈશાન હેમલ બક્ષીએ, મહારાષ્ટ્ર રાજ્ય સ્તર પર યોજાયેલી શૂટિંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન બાદ સિનિયર ૧૦ મીટર એર પિસ્તોલ (NR) ઇવેન્ટમાં પ્રી-નેશનલ (INDIA) શૂટિંગ માટે ક્વોલિફાય કર્યું છે.

મુળ જુનાગઢનાં કુ. તૃપ્તિ અજીતરાય વસાવડા પિતાશ્રીની નોકરીને કારણે પોરબંદર સ્થાયી થયાં. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા બાદ રોજગાર કચેરી પોરબંદર દ્વારા ભારતીય નૌસેનામાં ક્લાર્ક તરીકેની જગ્યા માટે અરજી કરી. લિખિત મૌખિક પરીક્ષા લેફ્ટનન્ટ કમાન્ડર સમક્ષ રૂબરૂ પ્રશ્નોતરીમાં સફળતા મેળવી, ૧૯૮૫ના પ્રારંભમાં પોરબંદર ખાતે ભારતીય નૌસેના કચેરીમાં જોડાયાં. ચાર વર્ષ હંગામી ધોરણે ફરજ બજાવ્યા બાદ કાયમી થયાં ને માત્ર બે વર્ષ બાદ મુંબઈ બદલી કરવામાં આવી. કપરા ચઢાણમાં મજબૂત મનોબળ સાથે છ વર્ષ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવ્યા બાદ તેઓના સમય સંજોગો ધ્યાનમાં લઈ, ૧૯૯૭માં જામનગર જિલ્લાના આઈએનએસ વાલસુરા ખાતે બદલી કરવામાં આવી. અહીં પણ શિસ્ત અને સમયપાલન સાથે કમાન્ડીગ ઓફિસર સાથે સંનિષ્ઠ ફરજ બજાવી ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ તરીકેના ઉચ્ચ પદ સુધી પહોંચી તા. ૩૧-૧-૨૫ ના રોજ નિવૃત્ત થયાં... અને માદરે વતન જુનાગઢ ખાતે સ્થાયી થયાં.
તૃપ્તિબેન,સ્વ. સરલાબેન તથા સ્વ. અજીતરાય કુસુમરાય વસાવડાનાં પુત્રી થાય.

---

**'સરસ્વતીચંદ્ર' ઉપરાંત ગોવર્ધનરામે 'સ્નેહમુદ્રા' નામે કાવ્ય, 'સાક્ષરજીવન' નામે નિબંધ, 'દયારામનો અક્ષરદેહ' અને 'ગુજરાતના પ્રાચીન કવિઓ' (અંગ્રેજીમાં)એ બે વિવેચનો, 'લીલાવતી જીવનકલા' નામે પોતાની પુત્રીનું જીવનચરિત્ર, નવલરામની જીવનકથા વગેરે પ્રકીર્ણ સર્જનો પણ કરેલ છે.આમાનું ઘણું ખરૂં અત્યારે દુષ્પ્રાપ્ય બની ગયું છે.ગુજરાતી વાચકવર્ગ અત્યારે માત્ર 'સરસ્વતીચંદ્ર'ને જ પીછાણે છે.આશા રાખીએ કે એ સાક્ષર વર્યની જન્મશતાબ્દી એમના સાહિત્યને સર્વજન્મ સુલભ બનાવવા માટે આપણી પ્રકાશન સંસ્થાઓને પ્રેરશે અને આવતીકાલનો સાહિત્યરસિક વર્ગ આ ચિન્તનવીરે આપેલી વિચારસૃષ્ટિને સમજવા–સમજાવવા વધુ ને વધુ ઉદ્યુક્ત થશે.**

## મા.વ. મંજુલાબહેન નરેન્દ્રભાઈ માંકડ

રાજકોટના કાશીવિશ્વનાથ પ્લોટનું શૈલ નિવાસ.એડવોકેટ મુ. નરેન્દ્રભાઈ અને મા.મંજુલાબહેન નું ઘર શ્રી નાગર યુવક મંડળ રાજકોટની અનેકવિધ પ્રવૃત્તિઓ થી સતત ધમધમતું. અસાધારણ કે સામાન્ય સભા, ગરબા, નાટક ની પ્રવુતિઓ એમનાં ઘર કે પટાંગણ માં જીવંત બની ને રંગમંચ સુધી પહોંચતી. ગરબાની Choreography કે ગરબાનાં બોલને મંજુલાબહેન દ્વારા સતત શીખવાડવામાં આવતું.તો શૈલ નિવાસની લોબીમાં નાટકના Rehearshal થતાં.પટાંગણ અનેક સભાઓથી ગુંજતું તો હોદ્દેદારોની વરણી કરવામાં આવતી.

આ નિ:સંતાન દંપતિ મા.મંજુલાબહેન-નરેન્દ્રભાઈ માંકડએ નિ:સંતાન હોય તેવું ક્યારેય કોઈને કદાચ ખ્યાલ આવ્યો નહીં હોય.એ મક્કતાપૂર્વક જિંદગી જીવ્યા.એમના સંસારમાં જેઠના દીકરી ને દત્તક લીધી અને જીવન પર્યંત એ દીકરી ને અભ્યાસમાં આગળ વધારી ને સાંસારિક જવાબદારી અદા કરી,જે દીકરી આજ સાસુ બની ને મુંબઈ સ્થાયી થયેલાં છે. મુ.નરેન્દ્રભાઈના શરીરનો બાંધો અને ઊંચાઈ જેઓ એમના સંપર્કમાં આવ્યા હશે તેમને યાદ જ હશે.એજ રીતે મુ. નરેન્દ્રભાઈ અને મા.મંજુલા બહેન એ જેઠની દત્તક દીકરી અને એના પરિવાર ને જીવનની ઊંચાઈ સુધીની જવાબદારીઓ સુપેરે નિભાવી હતી તે વંદન ને પાત્ર છે.

મુ.નરેન્દ્રભાઈની વિદાય પછીની અત્યંત કપરી પરિસ્થિતિમાં પણ શતાયુ સુધીની સફર કરનાર મા. મંજુલાબહેને ૯૬ વર્ષે અમદાવાદ ખાતે દુ:ખદ વિદાય લીધી..દિવંગત જીવને શ્રદ્ધા સુમન નમન સાથે દીર્ઘ શાંતિની પ્રાર્થના. ૐ નમ: શિવાય.

**– રાજીવ વછરાજાની**

---

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

**રાજકોટ** : વત્સલાબેન મહેતા (નિવૃત આચાર્યા, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ - ઉ.વ.૯૫) અંજનીબેન ચમનલાલ દેસાઈ, ગં.સ્વ. મંજુલાબેન માર્કંડરાય માંકડ, દ્વારામતીબેન નરેન્દ્રભાઈ ધોળકિયા (ઉ.વ. ૮૫) મંજુલાબેન નરેન્દ્રરાય માંકડ (ઉ.વ. ૯૪) સૌ. પ્રિયંવદાબેન શશીકાંત છાયા ( ઉ.વ. ૮૮) અ.સૌ. ચાંદની હર્ષલ અંજારિયા 39 વર્ષ (ભરતભાઈ (નિવૃત્ત sbi) અંજારિયાના પુત્રવધૂ) **જામનગર** : હરેશ રમાનાથ ધોળકિયા, નટવરલાલ ગિરધરલાલ ઝાલા, વિભાકરભાઈ શંકરલાલ માંકડ **જૂનાગઢ** : મહેશબાળાબેન નરેન્દ્રરાય ત્રિવેદી ( ઉ.વ.૯૪ ) **અમદાવાદ** : રેખાબેન રમેશભાઈ વસાવડા, અ. સૌ. રાજેશ્વરીબેન વસાવડા (ઉ.વ. ૬૫), ભદ્રાબેન ભાલચંદ્ર મંકોડી, ભાવેશ હર્ષવદન બક્ષી ( ઉ.વ. ૭૫ ) મહેશભાઈ નિરંજનરાય વૈષ્ણવ ( ઉ.વ. ૭૭ ) અ. સૌ. દામીનીબેન તનયભાઈ દેસાઈ, રાસબિહારી (રામભાઈ) ગિરધરપ્રસાદ વત્સરાજ, **ભુજ** :સનતભાઈ ભુપતરાયભાઈ ધોળકિયા (ઉ. વ. ૮૯), ગં.સ્વ. નીરૂપામાબેન ચમનલાલ માંકડ, દિનેશ ભાઇ ઉમેદલાલ પટ્ટણી, (ઉ.વ. ૭૯), ભાલચંદ્ર યજ્ઞશંકર વોરા (ઉ.વ. ૭૯) **નલિયા** : અ. સૌ. દક્ષાબેન સંજયભાઈ વોરા (ઉ.વ. ૬૫) **વલ્લભ વિદ્યાનગર** : નીતાબેન શ્વેતકેતુ મહેતા (ઉં. વ. ૬૫) ગં. સ્વ. નીરૂબેન હરિપ્રસાદ માકડ (ઉં.વ.૮૬) **ગાંધીનગર** : ડો. હરિકાન્તભાઈ જનકરાય નાણાવટી નિરંજનાબેન મંકોડી સૌ. સાધનાબેન પુષ્પેન્દ્રભાઈ નાણાવટી (ઉ.વ. ૭૨) **વડોદરા** : ઈશી નમન છાયા. **માંડવી** : અ.સૌ. ઊર્મિબેન શૈલેન્દ્રભાઈ વૈદ્ય. **મુંબઈ** : ઉર્મિલાબેન બાલકૃષ્ણભાઈ માંકડ (૧૦૨ વર્ષ) o પ્રવિણભાઈ કંચનલાલ.વસાવડા, **ઉદયપુર** : જયશ્રીબેન નિરંજનભાઈ વૈશ્નવ (ઉ. વ. ૮૮)

# માનવતા મરી પરવારી નથી ! - ફાલ્ગુની વસાવડા - ભાવનગર.

સમાજનો સર્વાંગી વિકાસ થાય એ માટે મનુભાઈ જેવા માસ્તરની દિનચર્યા વિશે જોઈએ.

ભારતીય સમાજ પણ ગજબ છે,પોતાને કંઇ કરવું નથી, પણ જ્યારથી કરોના વાયરસ વિશ્વમાં લાગુ પડ્યો, ત્યારથી લગભગ બધાનાં મોઢે એવું જ સાંભળવા મળે છે, કે માનવતા મરી પરવારી છે! માનવતા મરી પરવારી છે! એને કારણે કુદરત રૂઠી છે, અને આ રીતે પ્રકૃતિ પણ પોતાની પર થયેલા અત્યાચારનો બદલો લે છે. સમાજની એક બહુ કડવી વાસ્તવિકતા એ પણ છે, કે તેને બીજાના દોષ, બીજાની ભૂલ, એ બધું જ તરત દેખાય છે, પણ પોતાને જે સમાજ તરફથી કે બીજા અન્ય તરફથી અપેક્ષા હોય છે, એવું બીજા પણ રાખતા હોય! અને તેની અપેક્ષા મુજબનું પોતાનાથી જીવન જીવાય છે ખરું!! એવી જાગૃતિ લગભગ કોઈનામાં હોતી નથી. અથવા તો પોતાની દિનચર્યાની રોજ નોંધ લેવી કે, તપાસ કરવી અને જરુર લાગે, ત્યાં સુધારો કરવો, એવું પણ આજના યુગમાં થતું નથી. તો મારે શું લેવાદેવા!! એવી વૃત્તિ કે વિચારો પણ ખરાં. એક જણા કચરો નાખે, એટલે બીજા સો જણા ત્યાં કચરો નાખે અને ઉકરડાનું નિર્માણ થઈ જાય, બસ આ જ રીતે એક ખરાબ વિચાર કોઈના દ્વારા મનમાં રોપાયો, અને બીજા એની ઉપર ખરાબ વિચારો પડતા જ ગયાં, અને ચિત્ત કે મન જાણે ઉકરડો બન્યું હોય, એવી માનસિકતા આજે લગભગ દરેકમાં દેખાય છે. અને આધુનિક પેઢીની જીવન પદ્ધતિ પણ અતિશય ખર્ચાળ હોવાથી, આગલી પેઢીને એ વિશે પણ ફરિયાદ રહે છે, એટલે ક્યારેક તો પરિવારોમાં આ કારણસર અંદરોઅંદર ખૂબ જ ઘર્ષણ થતું પણ જોવા મળે, અને એક બીજા એક બીજા પર આક્ષેપો કરે, અને સંબંધોની ગરમીમાં તૂટે. આવા સંજોગોમાં આપણે માનવતાની આશા ક્યાંથી રાખી શકીએ. પરંતુ સમાજમાં જેમ ખરાબ કર્મો થઈ રહ્યા છે, એના પ્રમાણમાં ભલે ઓછા પરંતુ ઘણા સારા અને માનવતાના કાર્યો પણ થઈ રહ્યા છે, અને કદાચ એ કારણે જ આપણો સમાજ અડીખમ ઉભો છે, તો આજે આપણે એક એવા માનવતાવાદી મનુભાઈ માસ્તરની વાત કરીશું.

થોડા સમય પહેલાની વાત છે, એટલે કે કોરોના વાયરસ આવ્યા પહેલાની. પરંતુ સમાજ તો ત્યારેય આવો જ હતો, છતાં મનુભાઈ માસ્તર જેવા લોકો પણ હતાં. મનુભાઈ માસ્તર રિટાયડ થઇ ગયા હતા, અને પહેલા તો એટલા પગાર પણ ક્યાં હતાં!! ઉપરથી પત્નીની પક્ષઘાતની બીમારી,અને દીકરીના લગ્ન થતાં એ કારણે થોડું વહેલુ રિટાયરમેન્ટ પણ લઈ લીધું હતું, એટલે છેલ્લે લાગુ પડેલા સરકારી ફાયદા પણ મળ્યા નહીં. એક સ્ત્રીની ગરજ સારે એવી રીતે આખા ઘરનું કામ તેઓ કરતાં. આર્થિક રીતે પેન્શન પર જ નિર્ભર હોવાથી, બને એટલો હાથ ટૂંકો રાખીને, જીવન સંસાર ચલાવતા હતાં. પરંતુ તેમના મનમાં કંઈક અધૂરપ રહેતી હતી, એમને એવું વારંવાર લાગતું હતું કે, હું હજી પણ કંઈક સારું કાર્ય કરી શકું ખરો! કંઈક કાર્ય તો એવું હશે જ, કે જે કરવાથી મને આત્મસંતોષ થશે, અને ઈશ્વરે જે મારી માટે નિયુક્ત કર્યું હશે. વારંવાર આ વિચાર આવતા તેમણે પોતાની દિનચર્યાની નોંધ લેવાનું શરૂ કર્યું, અને કેટલો સમય ફાજલ મળે છે, એ વિશે પહેલા તપાસ કરી. ઓછામાં ઓછો બપોરનો બે કલાકનો અને સાંજનો એક કલાકનો એમ ત્રણ કલાક તો આરામથી નીકળી શકે તેમ હતાં. તેમણે આ સમયનો સદુપયોગ કરશે એવું મનોમન નક્કી કર્યું, પણ એવું કયું માનવતાનું કર્મ છે, જે પોતે વગર રૂપિએ અથવા ઓછા રૂપિયાથી કરી શકે. ફાજલ સમયમાં વિદ્યાર્થીઓને ભણાવી શકે, અથવા તો કોઈ સામાજિક સંસ્થામાં જઈ અને

કંઈક કલેરીકલ વર્ક એટલે કે હિસાબ કિતાબનું કામ પણ કરી શકે, તો અનાથ આશ્રમ વગેરેમાં જઈ ત્યાંના બાળકોને પણ શિક્ષણ આપી શકે, કે પછી બેરોજગાર અને અનપઢ મહિલાને અક્ષર જ્ઞાન આપી શકે, ગૃહ ઉદ્યોગ કરવાના ફાયદા તથા બેન્કિંગની સમજ પણ આપી શકાય, અને આવા તો વિચારીએ તો હજી પણ બીજા દસ કાર્ય ઓછામાં ઓછા નીકળે કે, જે માનવતાના પણ હોય, અને તે કરવાથી તેમનો આત્મસંતોષ પણ વધે,અને વધુ પડતાં રૂપિયાની એમાં કોઈ જરૂરત પણ ન હોય. પત્ની મંજુલાને તેણે આ વાત કરી, પ્રથમ તો તેમની આંખમાંથી અશ્રુધારા વહી,કે દસ વર્ષથી વધારે તેણે પથારી પકડી હોવાથી, તમારે ઘરનું બધું જ કામ કરવું પડે છે, એમણે કહ્યું કે તે બહાર જઈ, એ બે કે ત્રણ કલાકનો સમય પોતે ચોક્કસ એકલા વિતાવશે. એક હાથ સારો હતો, એટલે ચોપડી વગેરે વાંચવી હોય તો ટેકો રાખી બેસાડીને જઈ શકે, બારણું બહારથી બંધ કરી બાજુ વાળાને ત્યાં ચાવી આપી દેવી, એટલે સાદ પાડતા કંઈક જરૂર પડે તો તે ખોલીને આવી શકે, આમ બધું જ નક્કી થઈ ગયું, અને મનુભાઈ માસ્તરે માનવતાનું કંઈક વિશેષ કાર્ય કરવાનું નક્કી કર્યું.

મનુભાઈ સર્વપ્રથમ તો શિક્ષક હતાં, એટલે શિક્ષણનું કાર્ય તે સારી રીતે કરી શકે, એવું વિચારી અને અનાથ આશ્રમમાં ગયાં. ત્યાં નાના છોકરાઓને ભણાવવા માટેની વાતચીત કરી, એટલે કે સામાન્ય સ્થિતિનાં એ છોકરાવ ટ્યુશન તો રાખી ન શકે, એટલે સવારની પાળીમાં ભણતા વિદ્યાર્થીઓ માટે બપોરના એક કલાક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવવા, તેમજ બાકીનો એક કલાક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ભણાવવા, આમ બધું જ ગોઠવાઈ ગયું. મનુભાઈ માસ્તર પોતે સમાજ શાસ્ત્રમાં એમ એ બીએડ કર્યું હતું, એટલે ઇતિહાસ, ભૂગોળ, નાગરિક, તેમજ ગુજરાતી પણ તે ભણાવી શકે તેમ હતા, પ્રાર્થના હોલમાં ભણાવવાનું નક્કી થયું. વિદ્યાર્થીઓમાં ચરિત્ર નિર્માણ થઈ શકે એ માટે થઈને તે આપણા મહાનુભાવોના ઇતિહાસ વિશે સમજાવતાં, અને વાર્તા રૂપે કહેવાયેલા પાઠ વિદ્યાર્થીઓના મગજમાં પણ તરત ઉતરી જતાં. સામાન્ય સવાલ જવાબ પણ કરતાં, એટલે ભણેલું તરત જ પાકું થઈ જાય, આ ઉપરાંત નિબંધ લેખન અને ચિત્ર વગેરેની પણ પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવતાં, તો ગુજરાતી વિષય અંતર્ગત વ્યાકરણના માળખાની સમજ પણ આપતાં, જેથી કરીને વાક્યરચના સુંદર બને,અને સામે વાળાને સમજાઈ જાય તેવી લખી શકાય. અનાથ આશ્રમ વાળાને પણ મનુભાઈ માસ્તરનો સ્વભાવ અને તેમનું કાર્ય બહુ જ પસંદ આવ્યું. બપોરે બે વાગે ઘરેથી નીકળી જાય, અને અઢીથી સાડા ચાર એમ બે કલાક ભણાવે. કોઈ વાર પાંચ દસ મિનિટ આમતેમ પણ થાય, એટલે કે વળી પાછા પાંચ વાગે ઘરે આવી જાય, અને ચા પાણી બનાવે, પત્નીને પીવડાવે અને પછી શહેરની સ્ત્રી નિકેતન સંસ્થામાં જાય, અને ત્યાંની અભણ સ્ત્રીઓને પોતાના રોજગાર માંથી જે કંઈ રૂપિયા કમાયા તેની માટેની બેંકમાં ખાતું ખોલાવવાથી માંડીને બધી જ સમજણ આપે, તેમજ અંગૂઠામાંથી હવે ધીરે ધીરે સમાજને બહાર કાઢી અક્ષર જ્ઞાન આપવું જોઈએ, એવું પણ તે દ્રઢ પણે માનતા હતા. એટલે દરેકને પોતાનું નામ લખવાથી શરૂઆત કરાવતાં, મોટી નોટના રૂપિયાની ગણતરી કરાવતાં, તેમજ ભાવતાલ કરી ગુણવત્તા કંઈ રીતે પારખી શકાય એ પણ શીખવાડતા, શનિ-રવિમાં આ અભણ સ્ત્રીઓના બાળકોને પણ ભણાવવાનું કાર્ય તેમણે ધીરે-ધીરે શરૂ કર્યું હતું. એટલે કે હવે તો મનુભાઈ માસ્તર પાસે સમયની ઝપાઝપી શરું થઈ ગઈ હતી, અને આમ જુઓ તો ઉંમર પણ કંઈ નાની નહોતી, છતાં પોતાને

આત્મસંતોષ થાય એવું નવું કાર્ય કરવાથી, તેમનામાં દિવસે દિવસે શક્તિનો એટલે કે ઊર્જાનો વધારો થતો હોય, એવું તેમને ખુદને લાગતું હતું. સત્યનો માર્ગ એટલે જ શૂરાનો કહે છે,કે તે તેની પર ચાલવાથી શક્તિ મળે છે, પરંતુ એ સાહસ કરવાની પણ દરેકમાં આવડત હોતી નથી. સાંજે 7:30 થાય એટલે વળી પાછા ઘરે આવી અને રાતની રસોઈ વગેરે કરે.બપોરે અનાથ આશ્રમ વાળા લોકો પણ કહે કે માસ્તર સાહેબ ચા-પાણી પીવો, તો ઘસીને ના પાડી દે કે મારી ઘરવાળી રાહ જોતી હોય, કોઈ કોઈ અભણ સ્ત્રીઓ પણ પોતાના વ્યવસાયને લગતું કંઈ કાર્ય હોય તો કરી દેવાનું સૂચન કરે, પરંતુ મનુભાઈ સંપૂર્ણપણે સ્વાવલંબી હોવાથી કોઈની જરા પણ મદદ લેતા નહીં.

ઘરમાં રહેલી ડાબા અંગનો પક્ષઘાત ધરાવતી પત્ની પણ પતિનું આ કાર્યને જોઈ ખુશ થતી, કે ચાલો એ બહાને પણ પતિ ઘરની બહાર નીકળે છે, અને બે માણસોને મળી શકે છે. સાસરવાસી દીકરી પણ ખુશ હતી, કે આવાં માતા-પિતાનું સંતાન છે, એનો ગર્વ અનુભવતી. તેમજ પોતાની ઉંમર તો પિતા કરતા અડધી છે, તો તેણે પણ સમાજ ઉપયોગી કંઈક કાર્ય કરવું જોઈએ, એવું પણ વિચારતી. તેણે પણ બપોરના સમયનો પોતાના શહેરનાં ઘરડા ઘરમાં જઈને પોતાનાથી થતી મદદ કરવાનું નક્કી કર્યું. તો અઠવાડિયામાં ઘરેથી એમની માટે કંઈક નાસ્તો બનાવીને લઈ જઈ શકાય, એવું પણ વિચાર્યું,અને બહુ ઝડપથી એ કાર્ય શરૂ પણ કર્યું.

મનુભાઇ માસ્તરના આ સેવા યજ્ઞમાં પછી તો કઈ કેટલીય સિદ્ધિનાં પીંછા ઉમેરાયાં. દાખલા તરીકે તે રહેતા હતાં ત્યાંના લોકોને પણ નવું કંઈક કાર્ય કરવાનું પ્રોત્સાહન મળ્યું. તેમજ સમયની વ્યસ્તતાને કારણે કોઈ ન કરી શકે તો મનુ દાદા પાસે આવી અને, અનાથ આશ્રમનાં વિદ્યાર્થીઓ માટે નોટ પેન્સિલ વગેરેના રૂપિયા જમા કરાવી જતાં, તો કોઈ વાર કોઈ વાર તિથિ એ કંઈક સરસ લાડુ ગાંઠિયાની મિષ્ટાન્ન પણ આપી જતાં, અને કોઈ કોઈ તો વિદ્યાર્થીઓ માટે દિવાળી પર નવા કપડાની ભેટ રૂપે પણ કંઈક આપી જતાં,આમ કામ શરૂ કર્યું તો તેમાં ઘણું ઉમેરાયું. એટલે શરૂઆતના એકાદ બે ડગલા કદાચ અઘરા હોઈ શકે, પરંતુ પછી તો અસ્તિત્વ પણ સાથ પુરાવે છે, એ વાત સાચી પડી. મંજુલાબેન પણ પતિની ગેરહાજરીમાં થોડી થોડી હિંમત કરતા થયાં, અને ખુબ સારું વાંચન પણ કર્યું, તેમજ હરિસ્મરણ અને સ્તુતિના પાઠ કર્યા. શાંતિનિકેતનની રૂડી નામની એક સ્ત્રીના કેટલા એ રૂપિયા દલાલ ઉઠાંતરી કરી જતો હતો, તે બધા રૂપિયા તેને મનુભાઈ માસ્તરે અપાવ્યાં. તેણે પરાણે મંજુલાબેન ના ડાબા પગ અને હાથનું માલીશ કરવાનું શરૂ કર્યું, અને તેના ફાયદા રૂપે મંજુલાબેનના નિશ્ચેતન હાથ-પગમાં થોડી ચેતનાનો સળવળાટ થયો. સારું કાર્ય કરનારનું ઇશ્વર પણ સારું કરે છે, એ મુજબ મંજુલાબેનની પરિસ્થિતિમાં પહેલા કરતાં ઘણો સુધારો આવ્યો, અને હવે તે આખો દિવસ સૂઈ ન રહેતાં, વિલચેરમાં બેસી પોતાના હાથેથી ફેરવી અને ઘરમાં પણ હરફર કરતાં હતાં. તો એક હાથેથી થાય એવા પણ કેટલાય કાર્યો તે કરતાં, અને પતિના જીવનને વધુ આસાન બનાવવાનો પ્રયત્ન કરતાં. થોડી દવા અને થોડી દુવા એમ બંને અસરકર્તા સાબિત થઈ, મંજુલાબેનનો ડાબો પગ હવે પગલાં ભરવા પણ સક્ષમ થઈ ગયો હતો, એટલે પગમાં થોડી ખોટ હતી, પગ આડો પડતો હતો, પરંતુ સાવ ચાલતો ન હતો એવું નહોતું.

મનુભાઈ માસ્તરે પંચાવન વર્ષે રિટાયરમેન્ટ લઈ લીધું હતું, એટલે એમ સમજો કે ૫૬ વર્ષથી ૮૦ વર્ષ સુધી આ રીતે સમાજ સેવા કરી. પોતે શિક્ષણના કાર્યને સેવા તરીકે અપનાવ્યું હોવાથી સમાજને કેટલાય સારા નાગરિકોની

આ રીતે ભેટ આપી, અને કેટલાય ડોક્ટર બન્યા હશે, કેટલા એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કે પછી શિક્ષક જે તે વ્યવસાય તેમણે પસંદ કર્યો હશે તે. પરંતુ પોતે છાતી ઠોકીને કહી શકે કે, એમાંથી કોઈ ભ્રષ્ટાચાર નહીં કરે,અને આમ જ બધું રાબેતા મુજબ ચાલતું હતું, ત્યાં એક દિવસ આ માનવતાના યજ્ઞની પૂર્ણાહૂતિ થઇ. મનુભાઈ માસ્તર અજવાળી અગિયારસને દિવસે હરિને ધામ પહોંચી ગયા. સાક્ષાત ઈશ્વર જ તેડવા આવ્યો હોય તેમ, ન કોઈ ઉદ્વેગ, ન હોઈ રોગ, ન કોઈ પીડા, અને ઉપરથી સદાય તેજસ્વી રહેતું લલાટ આજે તો શંકરનું તેજ પામી વધુ દેદીપ્યમાન બન્યું, અને એક તેજસ્વી દીપ પરમ તેજમાં લીન થઈ ગયો.

મિત્રો માનવતાનું કાર્ય કરવા માટે, કોઈ રૂપિયા-પૈસાની એવી જરૂરત હોતી નથી, અને મનુભાઈ માસ્તરે તે સાબિત કરી દેખાડ્યું. તેમજ તેમણે ઇશ્વરને પણ પોતાના તરફ જોવા મજબૂર કર્યા, અને તેમની પત્નીનું સ્વાસ્થ્ય ધીરે ધીરે સ્વસ્થતા તરફ આવી ગયું. માનવતા મરી પરવારી છે! માનવતા મરી પરવારી છે! માત્ર એવું બોલવાથી કંઈ નહીં થાય, જો ભવિષ્યમા કોરોના જેવી સમસ્યાનો સામનો કરવો હશે, તો દરેકે પોતાના હાથે કંઈકને કંઈક વિશેષ કાર્ય કરવું પડશે, અને કદાચ એવો કોઈ પદાર્થ પાઠ ભણાવવા માટે જ ઈશ્વરે કોરોનાને મોકલ્યો હશે એવો હકારાત્મક અભિગમ કેળવી અને સમયનો ઉપયોગ કરી લઈએ.

---

## સુરજ ના બન પાયે તો બન કે દીપક જલતા ચલ...'

તીર્થ તોરલ તેમના બંને સંતાનો દક્ષ અને રિયા તથા તીર્થના માતુશ્રી મનીષાબેન, અંજના તેમની પોતાની કારમાં ઘરથી દોઢેક કિલોમીટર દૂર આવેલી દિવ્યાંગ બાળકોને સાચવતી સંસ્થા ખાતે જઈ પહોંચ્યા. ચિ. દક્ષનો જન્મદિવસ ત્યાં ઉજવવાનું તેઓએ નક્કી કર્યું હતું.

તેઓએ ત્યાં બાળકોને વાર્તાઓ, જોડકણાઓ, ટુચકાઓ સંભળાવ્યા. સંગીત ખુરશી અને અંતાક્ષરી જેવી રમતો રમાડી. ચોકલેટ, બિસ્કીટ, બોલપેન, પેન્સિલ, જેવી કેટલીક વસ્તુઓ પણ બાળકોને પેટમાં આપી સંસ્થા ખાતે જ તૈયાર કરાવેલ સ્વાદિષ્ટ ભોજન પણ બધાએ બાળકો સાથે લીધું. સંસ્થાના સંચાલકો અને કર્મચારીઓ પણ આ દરેક પ્રવૃત્તિઓમાં તેમની સાથે જોડાયા. યાદગીરી રૂપે તસવીરો અને વિડીયો પણ લીધા. બાળકોના ચહેરા પર ના આનંદ અને સંતોષ ના ભાવને જોઈને પરિવારે ખૂબ ખુશી અનુભવી. સંસ્થાને થોડું અનુદાન પણ આપ્યું. લગભગ અઢી કલાક ત્યાં વિતાવી ઘેર પરત ફર્યા.



વાંચનના શોખીન તીર્થ અને તોરલ મધર ટેરેસાના કરુણા અને દયાના કાર્યોથી ભારે પ્રભાવિત હતાં. ઘરે પાછા ફરતી વખતે તેમને જાણીતાં એક ગીતની પંક્તિ યાદ આવતી રહી, 'સૂરજના બન પાયે તો બન કે દિપક જલતા ચલ. આજે સંતાનોએ દિવ્યાંગ બાળકો માટે દીપક બનીને ઉજાસનો અહેસાસ કરાવવાનું નાનું સરખું કાર્ય કર્યું હતું. (શીર્ષક પંક્તિ : ઇન્દીવર)

- રાજેશ નાણાવટી, જુનાગઢ.

## "જામફળી" (ટૂંકી વાર્તા) - ભારતી હાથી, જોધપુર.

અશોકભાઈ ને માલતીબેન સિદ્ધપુરમાં અમારી પાડોશમાં જ રહેતા. અશોકભાઈ સરકારી ઓફીસમાં ક્લાર્ક હતા. માલતીબેન કુશળ ગૃહિણી હતા. ઘરમાં 'જુહી', ને 'પલ્લવ' નામે બે પુષ્પો પાંગરેલા હતાં.

સરસ મજાનુ બેઠા ઘાટનું મકાન હતું. ઘરની બહાર ઓટલો, ને ઓટલાને અડેલું આંગણુ પણ હતું. અશોકભાઈ ફુલ, ઝાડના શોખીન હતા. એટલે જાત, જાતના ફુલો- મોગરો, ચંપો, જાસુદ ને બારામાસી વાવેલાં. બીજી બાજુ લાલ ને પીળા કનેરિયાના વૃક્ષ પણ લહેરાતા હતાં. આ વૃક્ષો ચકલી, કાબર, કબુતરોનું આશ્રય સ્થાન હતાં. નીચે પહોળા વાસણમાં માલતીબેન પાણી ભરીને મુકતાં, પક્ષીઓ પાણી પીતાં ને છબછબિયાં પણ કરતાં.

એવામાં એક વાર અશોકભાઈ ને નર્સરી માંથી એક 'જામફળ'ના ઝાડનો રોપ મળી ગયો. અશોકભાઈએ એને પણ આંગણામાં રોપી દીધો. અને એની ખુબજ માવજત કરતા. સવાર સાંજ પાણી દેવું, સાફ , સફાઈ,કરી ખાતર નાખવું, ને એને ધીરે ધીરે એને વધતા જોવું , એ એમનો જાણે નિત્ય ક્રમ થઈ ગયો. અશોકભાઈ પ્રકુતિ પ્રેમી હતા, પ્રકૃતિનાં સાંનિધ્ય માં રહેવું એમને ખુબ ગમતું. અશોકભાઈ ખુબ જ સરળ સ્વભાવના અને આનંદી માણસ હતા. એટલે એમના મિત્રો પણ હતા. આડોસ, પાડોશમાં ને ઓફીસમાં પણ બધાના કામ કરી આપતા. અશોકભાઈનું પ્રમોશન થવાનું હતું.

સમય જતા ક્યાં વાર લાગે છે ! , થોડા સમયમાં તો જામફળ નું ઝાડ તો સરસ મોટુ થઈ ગયું. એમાં મીઠાં મજાના જામફળ પણ આવવા માંડ્યા. અશોકભાઈ ની ખુશીનો પાર નોતો. "જામફળી" ને જોઈ ને એમનુ શેર લોહી વધી જતું. સાંજે ઓફીસે થી આવી ને અશોકભાઈ ઝાડ નીચે ખુરશી નાખી ને બેસતા, એમના સંગી, સાથી પણ આવી જતા. વાતો ના તડાકા મારતા.

સવારે છાપું પણ ત્યાં જ બેસી ને વંચાતું. ચકલી, પોપટ ના મીઠા કલરવમાં સૌ ભેગા બેસી "ચા" પીતા. બપોર પછી આજુબાજુના છોકરાઓ પકડમ પકડી પણ રમતા. અશોકભાઈ કે માલતી બેન કોઈ ને ટોકતા નહી. એમને જામફળ ખાવા આપતા.

આ વરસે જામફળનો ફાલ બહુ સારો નિકળ્યો, ખુબ જામફળ આવ્યા. અશોકભાઈ એ તો આડોસ પાડોસ મા, મિત્રો ને ઓફીસના સ્ટાફ માં પણ સૌ ને જામફળ વહેંચ્યા.. "મારી જામફળીના જામફળ તો ચાખો. "કહી ને સૌને ખવડાવ્યા. પક્ષીઓ પણ ઊડા ઊડી કરતાં ને જામફળ ખાતા. અરે! ગાય, બકરીના ભાગમાં પણ આવ્યા.

હવે અશોકભાઈની વાળની લટ માં ક્યાંક સફેદી ડોકિયા કરવા લાગી હતી, દાઢી માં પણ સફેદ અંકુર દેખાવા લાગ્યા હતા. અશોકભાઈ નું પ્રમોશન બાકી હતું પણ તે ક્યારે થશે એ ખબર નહોતી. ઓફીસ માં લાંચ, રુશ્વતીયા ના પ્રમોશન થઈ જતાં, અશોકભાઈ એ બધા માં માનતા નહી. માલતીબેનને દુઃખ થતુ. એ મનમાં સમજતાં કે બધા એના ભોળા પતિ નો લાભ લે છે. એવામાં એક દિવસ ઓફીસના પ્યુને આવી ને અશોકભાઈ ને કહ્યુ "મોટા સાહેબ બોલાવે છે. "

અશોકભાઈ અંદર ગયા, તો સાહેબે આવકાર આપ્યો. ને સ્મિત સાથે કાગળીયું આપતા કહ્યુ "અશોકભાઈ, અભિનંદન. તમારું પ્રમોશન થઈ ગયું છે." અશોકભાઈ એ નવાઈ પામતાં 'પ્રમોશન લેટર' જોયો. પ્રમોશન થયું , પગાર વધ્યો, પણ સાથે સિધ્ધપુર થી અમદાવાદ બદલી થઈ હતી.

એ અશોકભાઈને ન ગમ્યું. પોતાનુ ઘર ,બગીચો છોડવાનો વારો આવશે એ એમણે વિચાર્યુ નોતું. ભારે મને ઘેર આવી ને પત્ની ને વાત કરી. માલતી ને બાળકો તો રાજી ના રેડ થઈ ગયાં. ઘર છોડવાનું દુઃખ હતું, પણ સાથે અમદાવાદ

જેવા શહેર માં જવાનો આનંદ હતો. હજી ઘણા કામ બાકી હતાં. માલતીબેને, છોકરાઓએ પોત, પોતાનો સામાન પેક કરવા માંડ્યો, ઝીણી, ઝીણી વસ્તુઓ ભેગી કરી લીધી. અશોકભાઈ ને પોતાનુ ઘર, બગીચો છોડી ને જવુ આકરું લાગતુ હતુ. પણ શું કરે! જવું તો પડશે વિચારીને મન મકકમ કર્યું. જતાં પહેલાં પોતાના ઘરમાં એક બહાર ગામ થી આવેલા મહેશભાઈ ને ઘર ભાડે આપ્યું ને બગીચાની સંભાળ રાખવાની ભલામણ કરી.

નિર્ધારીત દિવસે સરકારી ગાડી આવી. બધો સામાન ગાડીમાં ઠલવાયો.ઘર ના બધા ગાડીમાં ગોઠવાયા. અશોકભાઈ છેલ્લે ઘરમાં આંટો મારવા ગયા, બગીચા માં ગયા, ને 'જામફળ' ના ઝાડ ને ભેટી પડ્યા, ખુબ હાથ ફેરવ્યો. જેટલા જામફળ ઊતર્યા હતાં, તે તો પહેલાં જ આજુ, બાજુ વહેંચી દીધા હતાં, ને બાકી ના સાથે લઈ લીધાં. ત્યાં તો પલ્લવનો અવાજ આવ્યો, "પપ્પા શું કરો છો? ચાલો, બધા બહાર રાહ જુવે છે. "
અશોકભાઈ બહાર આવ્યા તો, પાડોશીઓ, ઓફીસ નો સ્ટાફ બધા હાર લઈ ને ઊભા હતા, બધાએ પ્રેમથી અશોકભાઈ પરીવાર ને સજળ નયને વિદાય આપી.

અમદાવાદ આવ્યા પછી નવી પોસ્ટ સંભાળી, નવું ઘર સેટ કરવામાં, લાગી ગયા. પલ્લવ અને જુહીના નવી સ્કુલમાં એડમિશન થયા. માલતીબેન નવી બહેનપણીઓ ને નવી સોસાયટીમાં ગોઠવાઈ ગયાં.
પણ અશોકભાઈ ને તો પોતાનું ઘર ને 'જામફળી' બહુ જ યાદ આવતાં. કામનો બોજો એટલો હતો કે તે પાછા જઈ ન શકયા. શરુ આતમાં તો ઓફીસવાળા સાથે,ને પાડોશી ઓ સાથે વાત થતી. પછી એ પણ ઓછું થઈ ગયું.

ત્રણ વર્ષ થઈ ગયા, પછી એકવાર અશોકભાઈ ને ઓફીસના કામે સિધ્ધપુર જવાનું થયું. સરકારી ગાડી માં જ ગયા. પહેલા ઓફીસ ગયા, સ્ટાફને મળ્યા, ઝટ, ઝટ કામ પતાવ્યું, અને પછી પોતાના ઘર તરફનો રસ્તો લીધો. મનમા ખુબ ઉત્સાહ હતો.

ઘર તરફ આવી ને જોયું તો બગીચો તો વેરાન પડ્યો હતો. નથી મોગરો કે નથી કનેરિયા.. બધા સુકાયેલા પડયા છે. અને એમની "જામફળી"... પણ નથી.. આ.. શું થયુ ? અશોકભાઈ એ ઘરમાં જોયું તો તાળુ હતું. બાજુવાળા પાડોશી ગીરીશભાઇને ઘેર ગયા. તો એમણે કહ્યું, "અરે...અશોકભાઈ ! તમે શું ગયા, આ શેરી જ સુની થઈ ગઈ. આ મહેશભાઈ ને ગીતા બેને તો દાટ વાળ્યો."


" મહેશભાઈ તો બહુ ગુસ્સાવાળા. ને અતડા માણસ છે. ઝાડ પર કોઈ પક્ષીને બેસવા ન દે. ગોફણનો ઘા જ કરે. છોકરાઓ રમવા આવે તો ભગાડી મૂકે, ગીતાબેન બબડતાં જ હોય, આ પક્ષીઓ ને આ છોકરાઓ ઘર બહુ ગંદુ કરે છે. સાફ અમારે કરવું પડે છે." અને "જામફળી" ના જામફળ તો સડી જાય.. પણ કોઈ ને આપે નહી. કચરા મા જાય. અને એને તો જાણે માઠી નજર લાગી ગઈ . ઝાડમાં કીડો લાગી ગયો. તે ધીરે, ધીરે ઝાડ તો ઠુંઠું થઈ ગયું.
અશોકભાઈ તો હેબતાઈ જ ગયા. એમનો પ્રકુતિ પ્રેમ ઘવાયો. આંખ માં ઝળઝળિયાં આવ્યાં. મહા પ્રયાસે રુદન રોક્યું. એમને ખુબજ ધક્કો લાગ્યો. ભારે હૈયે ઊભા થયા. ગિરીશભાઈએ 'ચા' નો આગ્રહ કર્યો, પણ "બીજી વાર " પીશું, એમ કહી વિદાય લીધી ને ડ્રાઈવર ને જીપ ચલાવવાનો નિર્દેશ કર્યો. એમને કાને ગિરીશભાઈના શબ્દો અથડાતા હતા. "જયાં સુધી ફળ વહેંચાતા હતાં.. ત્યાં સુધી ફળ આવતાં હતાં.." જ્યાં સંચય થવાનુ શરુ થયું, ત્યાં પ્રકૃતિ એ પણ દેવાનું બંધ કર્યુ ."

અશોકભાઈ અતિતના સ્મરણો માંથી જાગ્યા, જ્યારે ડ્રાઈવરે તેમને કહ્યું,"સાહેબ, અમદાવાદ આવી ગયું છે."

અશોકભાઈ ભારે મને ગાડી માંથી નીચે ઉતર્યા ને ઘર તરફ વળ્યા. ***

## રામાયણમાં આવતાં શ સ સા શા સુ વગેરે અક્ષરો પરથી પાત્રો,સ્થળો..

૧. લક્ષ્મણના માતા ૨. રામના મોટાં બેન ૩. રામની પરમ ભક્ત ૪. સુમિત્રાનો બીજો પુત્ર ૫. રામની અર્ધાંગિની ૬. સીતાની માતા ૭. રાવણની પુત્રવધૂ ૮. દશરથના સારથિ ૯.સીતાની શોધમાં ગયેલ રામને રસ્તો બતાવનાર દેવીસ્વરૂપ સ્ત્રી



૧૦. વિશ્વામિત્ર સાથે ગયા પછી રામે મારેલો રાક્ષસ ૧૧. રાવણની બહેન ૧૨. ભરતનો પુત્ર ૧૩. લક્ષ્મણ માટે ઔષધ લાવવા કહેનાર લંકાના વૈદરાજ ૧૪. વાલીનો ભાઈ ૧૫. સીતાની શોધ કરવા જતાં હનુમાન ને મળેલ રાક્ષસ. ૧૬. જટાયુનો ભાઈ ૧૭. શત્રુઘ્નની પત્ની ૧૮. માતા–પિતાને કાવડમાં બેસાડી યાત્રા કરાવનાર. ૧૯. એક ઋષિ ૨૦. વિભીષણની પત્ની ૨૧. જનક રાજાનું બીજું નામ ૨૨. લક્ષ્મણનું બીજું નામ ૨૩. રામાયણનો પ્રખ્યાત કાંડ ૨૪. અયોધ્યાની નદી ૨૫. લંકામાં બનાવેલ પર્વત ૨૬. જેની ચામડીએ સીતાને આકર્ષ્યાં. ૨૭. અયોધ્યાનું બીજું નામ ૨૮.શ્રીરામના પૂર્વજ.

જવાબ : ૧. સુમિત્રા ૨. શાન્તા ૩. શબરી ૪. શત્રુઘ્ન ૫. સીતા ૬. સુનયના ૭. સુલોચના ૮. સુમંત્ર ૯. સ્વર્ણપ્રભા ૧૦. સુબાહુ ૧૧. સૂર્પણખા ૧૨. સુતીક્ષ્ણ ૧૩. સુષેણ ૧૪. સુગ્રીવ ૧૫. સુરસા ૧૬. સંપાતિ ૧૭. શ્રુતકીર્તિ ૧૮. શ્રવણ ૧૯. શરભંગ ૨૦. સરમા ૨૧. શિરધ્વજ ૨૨. સૌમિત્ર–સુમિત્રાનંદન ૨૩. સુંદરકાંડ ૨૪. સરયૂ ૨૫. સુબેલ ૨૬. સુવર્ણમૃગ ૨૭. સાકેત ૨૮. સગર રાજા.

– શર્મિષ્ઠાબેન મ.વોરા,રાજકોટ.

## કિસ્સો કહેવો પડશે...

ગેં ગેં ફેં ફેં કંઈ ના ચાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે,
આજે નહીં તો તારે કાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે.
યાદ રાખજે, તેં ખાધા છે સમ ગમતીલી મોસમના,
ખુશબૂઓના એક સવાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે.
તારાં ગીતો સાંભળવાને મહેફિલમાં સહુ બેઠાં છે,
લોકોની તાલીના તાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે.
વાત ભલેને હોય વ્યથાની, જીવતરના મેળામાં તો,
ઢોલ નગારાં અને ધમાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે.
એની રીતો સાવ અલગ છે, મોકલશે કોરો કાગળ,
તો પણ એની એક ટપાલે, આખ્ખો કિસ્સો કહેવો પડશે.

– ઉર્વીશ વસાવડા, જુનાગઢ.

## વૈષ્ણવજન તો તેને રે કહીએ..(પ્રતિકાવ્ય)

નેતાગણ તો તેને રે કહીએ જે પીડા આપી જાણે રે
પરપૈસૈ ઉપકાર કરે તોયે સદા અભિમાની રે
સકળ લોકમાં સહુને વંદે, નિંદા કરે જેની તેની રે
વાણી વર્તન કાબૂમાં ન રહે શું કરે તેની જનની રે
જમીન પર દ્રષ્ટિ, કૌભાંડમાં જેની તૃષ્ણા રે
જીહવા થકી સત્ય ન બોલે, પરધન સદા ઝાલે હાથ રે
મોહમાયા રગરગમાં વ્યાપી, નથી વૈરાગ્ય જેના મનમાં રે
જાતિવાદ ને અનામત મુદ્દે અડગ રહેશે તેના વેણ રે
ભણે 'સતિયો' તેનું ચરિત્ર વર્ણૅન, કુળ પોતાના તાર્યા રે
નેતાગણ તો તેને રે કહીએ જે...

- સતિષ મહેતા, રાજકોટ.

**એબીએમ ટ્રાવેલ્સ મે-૨૦૨૫માં ખાસ હાટકેશ પરિવાર માટે સિંગાપોરના પ્રવાસનું આયોજન :**

૪ રાત્રિ/૫ દિવસ- ૨૧ મી મે ૨૦૨૫.- બુધવાર

૩ સ્ટાર હોટેલ,બેકફાસ્ટ, ડિનર,સાઈટ સીઇગ.

કોસ્ટ : સિંગાપોર ડોલર ૯૪૫+ વિસા ₹. ૩૫૦૦+ એરફેર (અત્યારના રેટ ઓફ એકસચેન્જ સિંગાપોર ડોલર ૧ = ₹ ૬૩.૫૦ પ્રમાણે અંદાજીત ₹ 98,999,- સબજેક્ટ ટુ ચેઇન્જ- એરફેર અને રેટ ઓફ એકસચેન્જ)

તૈયાર થઈ જાવ મિત્રો કે સહપરિવાર સાથે-

ખાસ હાટકેશ પરિવાર માટેના પ્રવાસ માટે...

**વધુ પુછપરછ અને નામ લખાવવા-**

**અવિનાશ મહેતા - ૯૮૨૦૮૧૭૩૧૮**

(ગતાંકમાં ABM ટ્રાવેલ્સની જાહેરાતમાં પ્રશાંત અને હિમાની ઢેબરના નામ પાંચથી વધારે વખત પ્રવાસ કરનારની યાદીમાં હોવાને બદલે ભૂલથી બેથી વધારેના લિસ્ટમાં સામેલ થયાં છે.. ભૂલ બદલ ક્ષમા.)




રમેશ બૂચ,મુંબઈ–૧૯૬૭


**નીરાબહેન :** અંજના બહેન પણ કેવાં છે. અત્યારમાં તેના બે વર્ષના બાબાને સમજણો થયા પહેલાં શાળામાં મોકલવા લાગ્યાં...?

**કાશ્મીરાબહેન :** શું કરે બહેન, આગામી વર્ષોમાં એડમિશન મેળવવું ઘણું જ મુશ્કેલ થઇ જશે, એવા સમાચાર વાંચીને અંજના બહેને રામા સાથે બાબાને શાળામાં મોકલીને હાજરી પુરાવી એડવાન્સ બુકિંગ કરી લીધું છે. તેથી ભવિષ્યમાં મુશ્કેલી ન પડે...તે એકલો ન બેસે એટલે તેને સાચવવા દરરોજ રામો પણ સાથે આવે છે...!

**નીરાબહેન :** મને લાગે છે કે બાબો ભણતાં શીખશે ત્યાં સુધીમાં સાચવનાર રામો અંગ્રેજી શીખી જશે !

**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯**





**જોઈએ છે..**

**લગ્નજીવનના ત્રણ માસમાં છૂટાછેડા થયેલ યુવકને કન્યા**

**જન્મ : ૭ ઓગસ્ટ–૧૯૮૭**

**ઉંચાઈ : ૧૭૦ સે.મી./ વજન : ૬૮ કેજી.**

**અભ્યાસ : બી.કોમ.,ઇન્ટર સી.એ.**

**નોકરી : રાજકોટ ખાતે એરિયા મેનેજર– આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિ.**

**પેકેજ–પગાર : ૧૧ લાખ–વાર્ષિક**

**સંપર્ક કરો :**

Mo.No. 9824563875/
OR 9408938003

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.